સવારે યા સાંજે
અકિલા
તા.૧૨ સપ્ટેમ્બર ૨૦૧૦ વિક્રમ સંવત ૨૦૬૬ ભાદરવા સુદ ૪ રવિવાર

# અમેરિકાના સિલિકોન વેલીમાં ભારતના કોન્સ્યુલ જનરલ સુસ્મિતા જી. થોમસની ઉપસ્થિતીમાં પીએનજી જવેલર્સનો દ્વિતીય સ્થાપનાદિન ઉજવાયો















*સિલિકોન વેલીની સુપ્રતિષ્ઠિત આઇસીસીના સ્થાપક શ્રીમતી ગોપી ગોધવાનું સ્વાગત કરતાં પીએનજી જવેલર્સના સીઇઓ સંચાલક રાજેન્દ્ર સોની, સહકાર્યકર શ્રીમતી વિશાખાબહેન શાહ તથા શ્રીમતી રાજેન્દ્ર સોની દ્રષ્યમાન થાય છે. પીએનજી જવેલર્સના દ્વિતીય સ્થાપના દિન સમારોહનું દિપ પ્રાગટય કરતા અતિથિવિશેષ મહાનુભાવો કોન્સલ જનરલ શ્રીમતી સુસ્મિતા જી. થોમસ તથા શ્રીમતી ગોપી ગોધવાની. રજવાડી શૈલીના રોયલ ક્લેક્શન શૃંખલાના હીરા રત્ન જડિત સુવર્ણ આભુષણ શૃંખલાને ખુલ્લું મુક્તાં કોન્સલ જનરલ સુસ્મિતા જી. થોમસ. રોયલ ડાયમન્ડ ગોલ્ડ ક્લેક્શન નિહાળતા મુખ્ય અતિથિવિશેષ સાથે પીએનજી જવેલર્સના સંચાલક-સીઇઓ શ્રી રાજેન્દ્ર સોની પત્નિ સહ દ્રષ્યમાન થાય છે. કેલિફોર્નિયા ખાતેના પીએનજી જવેલર્સના દ્વિતીય સ્થાપના દિન નિમિતે વક્તવ્ય આપતાં કોન્સલ જનરલ સુસ્મિતા જી. થોમસ. પીએનજી જવેલર્સના સંચાલકો વચ્ચે અતિથિવિશેષ (કાળી સાડીમાં વચ્ચે) કોન્સલ જનરલ સુસ્મિતા જી. થોમસ. (તસ્વીરો-શશી દેસાઇ)*

(પ્રવિણ દેસાઇ દ્વારા), સનિવેલ/કેલિફોર્નિયા : લગભગ છેલ્લાં ૧૭૫ વર્ષથી મહારાષ્ટ્રના સાંગલી ગામેથી આરંભાયેલ પુરૂષોતમ નારાયણ ગાડગીલ એન્ડ કંપની એટલે અત્યારે પીએનજી જવેલર્સ તરીકે સુવિખ્યાત સુવર્ણ આભુષણોના નિર્માતા અને વ્યવાસયીકોની પાંચ પાંચ પેઢીની અનેરી સિધ્ધિયાત્રાએ આજે ભારત સહિત દરિયાપારના દેશોમાં ભારતીય આભુષણોની પુરાણપોથી આગવી પારિવારીક પરંપરાને નામાંકિત કરી છે. વર્તમાન સમયમાં પેઢીના મુખ્ય સંચાલક દાજીકાકાના હુલામણા નામે જાણીતા વયોવૃધ્ધ ૯૬ વર્ષીય શ્રી અનંત ગણેશજી ગાડગીલના પ્રભાવક નેતૃત્વમાં પેઢીની વિકાસયાત્રા યશાવત રહી છે. જેમાં મહારાષ્ટ્ર અને ગુજરાતની ગૃહલક્ષ્મીઓને આકર્ષતા હીરા-માણેક જડિત સુવર્ણ આભુષણોની સાથેસાથ દક્ષીણ ભારતીય દેવસ્થાનોમાં અંગીકૃત તથા વિવિધ રજવાડી પરંપરાના કળાત્મક કલાકરીગરીયુકત પ્રતિકૃતિરૂપ આભુષણોના નિર્માણમાં અગ્રતા ધરાવતા પીએનજી જવેલર્સના સિલિકોન વેલી ખાતેના તેમના શો રૂમના દ્વિતીય સ્થાપના દિનની ઉજવણી દબદબાપુર્વક કરવામાં આવી હતી.

૨૮ ઓગષ્ટ, ૨૦૦૮માં સૌ પ્રથમવાર ભારતીય સંસ્કૃતિક પ્રણાલીના દેવસ્થાત તથા રજવાડી પરંપરાના કિંમતી રત્નોજડિત સુવર્ણ આભુષણોને પાશ્ચાંત્ય જગતમાં પ્રસ્તુત કરતાં પીએનજી જવેલર્સનો શો રૂમ સિલિકોન વેલીના સનિવેલ ઉપનગરના અલકમીનો રિયાલ રાજમાર્ગ પર ખુલ્લો મુકાયો હતો. તેના દ્વિતીય સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે સાન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતીય રાજદુત (કોન્સલ જનરલ) શ્રીમતી સુસ્મિતા જી. થોમસ અતિથિવિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તદ્ઉપરાંત અહીંના સુપ્રતિષ્ઠિત ઇન્ડિયા કોમ્યુનિટી સેન્ટર-આઇસીસીના સ્થાપક ગોધવાની બંધુના માતૃશ્રી શ્રીમતી ગોપી ગોધવાની સહિત વિવિધ ક્ષેત્રોના વ્યવસાયિક મહાનુભાવો, આમંત્રીત શુભચિંતકો હાજર રહ્યા હતા.

પીએનજી જવેલર્સના સંચાલક સીઇઓ રાજેન્દ્રભાઇ સોનીએ મુખ્ય અતિથિઓના ઉત્સહવર્ધક લાગણીનો આભાર વ્યકત કરતાં સમૃતિચિન્હ અર્પણ કરી શાલ ઓઢાડીને પુષ્પગુચ્છોથી સ્વાગત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શોભા તથા વિશાખાબહેન શાહે સફળતાથી સંભાળ્યું હતું.

પ્રાસંગિક દીપ પ્રાગટય કરતાં કોન્સલ જનરલ શ્રીમતી સુસ્મિતાજીએ તેમની પ્રભાવક શૈલીમાં સામાન્ય સુવર્ણ આભુષણો અને સાંસ્કૃતિક શૈલીના આભુષણો વચ્ચેનો ફરક સમજાવ્યો હતો. આજે હીરા તથા કિંમતી રત્નો જડીત કલાત્મક સુવર્ણ આભુષણોના નિકાસમાં ભારત પ્રથમ ક્રમાંકે આવે છે તેની સવિસ્તર નોંધ આપીને પીએનજી દ્વારા આ વર્ષે રજવાડી હીરા જડીત સુવર્ણ આભુષણ શૃંખલાને ખુલ્લુ મુકયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે વૈશ્વિક આર્થીક મંદીના સમયગાળામાં વૈશ્વિક શેરબજાર અને વિશ્વના મુખ્ય ચલણોમાં પ્રવર્તી રહેલ નબળાઇ સાથે જાગૃતિક સ્તરે વધી રહેલ ફુગાવાને ધ્યાનમાં લેતાં સોનાના ભાવ ગગનને આંબતા હોવા છતાં સ્થાનિક ભારતીય સમુદાયની રોકાણલક્ષી યોજનામાં સોનાની અગ્રતા રહેલી છે.

સામાન્ય રીતે અર્થશાસ્ત્રના નિયમ અનુસાર ઉંચા ભાવે ઓછી માંગ અને નીચા ભાવે ઉંચી માંગ રહેતી હોય છે. પરંતુ સાંપ્રત સમયના આર્થીક મંદીમાં આ નિયમ સોનાના ભાવને લાગુ પડતો નથી. ભારત સહિત વૈશ્વિક સ્તરે રોકાણલક્ષ્મી સોનાની માંગ વધી રહી છે. એક અહેવાલ અનુસાર ૨૦૧૦ના બીજા ત્રિમાસીક સમયગાળામાં ગત સાલની તુલનાએ ભારતમાં રોકાણલક્ષી સોનાની માંગ સાત ટકા વધીને ૪૧.૫ ટનની રહી હતી. જેમાં વપરાશી માંગ ૯૪ ટકા વધીને ૩૬.૫ ટનની રહી હતી. આભુષણોની માંગ ૬૭ ટકા વધીને ૨૭૨.૫ ટન અને રોકાણલક્ષી ૯૨.૫ ટકા વધીને ૨૬૪ ટનની રહી હતી.

અમેરિકાના અર્થતંત્રને ધ્યાનમાં લેતાં રોકાણકારોમાં સલામતીના ઉદ્દેશ્યમાં ધ્યાનમાં રાખી સોનાની વિશ્વસનનીયતાએ સોનાના આભુષણો અને સિકકા-(કોઇન્સ) ની માંગમાં વધારો નોંધાઇ રહ્યો છે.